પ્રથમ ટેસ્ટ : હસનનો કાતિલ પ્રહાર, ઓસ્ટ્રેલિયાનો 198 રનમાં વિંટો વળ્યો

હસન મહમૂદે કેરિયર બેસ્ટ બોલિંગ પ્રદર્શન કરીને 55 રનમાં છ વિકેટ ખેરવી ઓસ્ટ્રેલિયાને ઘરઆંગણે લથડાવ્યા

બાંગ્લાદેશે પોતાની ઇનિંગની મજબૂત શરૂઆત કરીને પહેલા દિવસના અંતે એક વિકેટે 96 રન બનાવ્યા

ડાર્વિન, તા. 13 (AP) : બાંગ્લાદેશ સામે આજે ગુરુવારથી અહીં શરૂ થયેલી પ્રથમ ટેસ્ટના પ્રથમ દિવસે બાંગ્લાદેશી બોલરોએ ઓસ્ટ્રેલિયાના 'બિગ ફોર' બોલિંગ આક્રમણને ઝાંખું પાડીને યજમાનોનો પ્રથમ દાવ માત્ર 198 રનમાં સમેટી દીધો હતો. બાંગ્લાદેશ વતી હસન મહમૂદે કેરિયર બેસ્ટ પ્રદર્શન કરતા 55 રનમાં 6 વિકેટ ઝડપી હતી. અને આ વિકેટોનો સિલસિલો માત્ર પિચની સ્થિતિના કારણે નહોતો, તે સાબિત કરતા બાંગ્લાદેશના ટોચના ક્રમના બેટ્સમેનોએ દિવસના રમતના અંત સુધીમાં 1 વિકેટે 96 રન બનાવી લીધા હતા. સ્ટમ્પ સમયે મોમિનુલ હક 35 અને તંજીદ હસન 32 રને ક્રિઝ પર હતા.

2003 પછી ઓસ્ટ્રેલિયામાં રમાઇ રહેલી બાંગ્લાદેશની પ્રથમ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને લીલી છાંટ વાળી પિચ પર વિના વિકેટે 45 રન બનાવી લીધા હતા. પરંતુ હસને પોતાની છઠ્ઠી અને સાતમી ઓવરમાં ઓપનર જેક વેધરાલ્ડ (23) અને ટ્રેવિસ હેડ (22)ને આઉટ કરીને પ્રથમ સફળતા અપાવી હતી. ત્યાંથી હસન અને તેના સાથી ફાસ્ટ બોલરો તસ્કીન અહમદ (2-55) તથા ઇબાદત હુસૈને (2-39) પ્રથમ બે સેશન પર પ્રભુત્વ જમાવ્યું હતું. તેમણે શિસ્તબદ્ધ બોલિંગ કરીને પિચની સ્થિતિનો પૂરો ફાયદો ઉઠાવ્યો અને ઓસ્ટ્રેલિયન બેટિંગ લાઇન-અપને ધ્વસ્ત કરી દીધી, જેને નવમી વિકેટ તરીકે આઉટ થયેલા સ્ટીવ સ્મિથની 71 રનની સંઘર્ષપૂર્ણ ઇનિંગ્સે સાચવી રાખ્યું હતું. બાંગ્લાદેશના બોલરોએ મેચની પ્રથમ સવારે જ પૂરો દબદબો બનાવી લીધો હતો અને લંચ પહેલાં જ ઓલરાઉન્ડર કેમેરોન ગ્રીન (13) ને આઉટ કરીને ઓસ્ટ્રેલિયાનો સ્કોર 74-4 કરી દીધો હતો.

ઓસ્ટ્રેલિયા પ્રથમ દાવ	રન	બોલ	4	6
હેડ બો.હસન	22	39	3	0
વેધરલ્ડ કો.લિટન બો.હસન	23	37	4	0
લાબુશેન કો.નજમૂલ બો.ઇબાદત	1	20	0	0
સ્મિથ કો.લિટન બો.હસન	71	109	7	1
ગ્રીન કો.રહીમ બો.તસ્કીન	13	13	0	1
કેરી બો.ઇબાદત	19	43	2	0
વેબસ્ટર બો.તસ્કીન	12	10	2	0
કમિન્સ કો.લિયન બો.હસન	9	19	1	0
સ્ટાર્ક કો.લિટન બો.હસન	1	11	0	0
લિયોન કો.તંઝીદ બો.હસન	7	13	1	0
હેઝલવુડ નોટઆઉટ	4	7	0	0
વધારાના	16			
કુલ (53 ઓવરમાં ઓલઆઉટ)	198			

વિકેટપતન : 1/45, 2/52, 3/61, 4/74, 5/129, 6/152, 7/172, 8/176, 9/189, 10/198

બોલિંગ	O	M	R	W
તસ્કીન અહેમદ	16	2	55	2
હસન મહમૂદ	17	3	55	6
ઇબાદત હુસૈન	11	2	39	2
મહેંદી હસન મિરાજ	4	0	12	0
તૈજુલ ઇસ્લામ	5	0	24	0

બાંગ્લાદેશ પ્રથમ દાવ	રન	બોલ	4	6
શાદમન કો.લિયોન બો.સ્ટાર્ક	20	30	2	0
તંઝીદ રમતમાં	32	67	4	0
મોમિનુલ રમતમાં	35	49	6	0
વધારાના	9			
કુલ (24 ઓવરમાં એક વિકેટે)	96			

વિકેટપતન : 1/36

બોલિંગ	O	M	R	W
મિચેલ સ્ટાર્ક	7	1	28	1
જોશ હેઝલવુડ	7	2	19	0
કેમરન ગ્રીન	3	1	12	0
પેટ કમિન્સ	4	0	14	0
નાથન લિયોન	3	0	16	0

ચાલુ રમતે એક ફેને બૂમ પાડી સ્મિથને કહ્યું : નખરા ન કર તું કોઇ પ્રિન્સેસ નથી

ડાર્વિન, તા. 13 : અહીં રમાઇ રહેલી શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટના પહેલા દિવસે ઓસ્ટ્રેલિયાની બેટિંગ લાઇનઅપના હસન મહમૂદે ભુક્કા બોલાવી દીધા ત્યારે એક છેડો સાચવીને 71 રન કરનારા સ્ટીવ સ્મિથ માટે સ્ટેન્ડમાંથી એક ચાહકે કંઈક એવું કહ્યું જેનાથી સ્ટેડિયમમાં હાજર લોકો હસી પડ્યા હતા અને સોશિયલ મીડિયા પર તે ચર્ચાનો વિષય પણ બન્યું હતું. સ્મિથને સાઇટસ્ક્રીન બાબતે સમસ્યા નડતા તેણે બોલરને અટકાવીને સાઇટસ્ક્રીનને સમાયોજિત કરવા કહ્યું. રમતમાં થોડો વિલંબ થવાથી સ્ટેન્ડમાં બેઠેલા પ્રેક્ષકોમાંથી એક ચાહકે બૂમ પાડીને કહ્યું કે 'બસ બોલ માર, સ્મજ! પ્રિન્સેસ ન બન. તું આ રમતથી મોટો નથી, સ્ટીવ.રમવાનું શરૂ કર!" આ તીક્ષ્ણ અને રમુજી ટિપ્પણી કેમેરા પર લાઇવ રેકોર્ડ કરવામાં આવી હતી અને થોડીવારમાં વાયરલ થઈ ગઈ હતી.

ભારત ગોલ ટેસ્ટમાં ત્રણ ડાબોડી સ્પિનર ઉતારી શકે : મોર્કેલનો સંકેત

સુથાર બોલને થોડો વધુ ફેરવે છે તો જાડેજા સચોટ છે અને કુલદીપ આક્રમક છે : બોલિંગ કોચ મોર્કેલ

ગોલ, તા. 13 (પીટીઆઈ) : બોલિંગ કોચ મોર્ને મોર્કેલે ગુરુવારે સંકેત આપ્યો હતો કે કુલદીપ યાદવ, માનવ સુથાર અને રવિન્દ્ર જાડેજા વિવિધ ભિન્નતા અને વિકેટ લેવાની ક્ષમતા ધરાવતા હોવાથી ભારત શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટમાં આ ત્રણ ડાબોડી સ્પિનરોને મેદાનમાં ઉતારી શકે છે.

કુલદીપ પાસે તેના ડાબા હાથના કાંડા સ્પિનથી બેટ્સમેનોને છેતરવાની ક્ષમતા છે, જાડેજાની સચોટ બોલિંગ શ્રેષ્ઠ બેટ્સમેનોને પણ મુશ્કેલીમાં મૂકી શકે છે જ્યારે સુથાર ડાબા હાથના સ્પિન બોલિંગની પરંપરાગત શૈલીની યાદ અપાવે છે. મોર્કેલે અહીં મીડિયાને જણાવ્યું કે અમારી સાથે કુલદીપ છે અને તે એક આક્રમક બોલર છે. તેનો અનુભવ અને સ્તર અમારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. મને લાગે છે કે તે બધા પોતપોતાની રીતે અલગ છે. સુથાર બોલને થોડો વધુ ફેરવે છે, જાડેજા થોડો વધુ સચોટ છે અને મને નથી લાગતું કે ત્રણ ડાબા હાથના સ્પિનરો હોવા અમારા માટે મોટી ચિંતાનો વિષય છે.

મોર્કેલે કહ્યું કે શુભમન ગિલ ચોક્કસ સમયે આ બોલરોનો કેવી રીતે ઉપયોગ કરે છે તેના પર નિર્ભર રહેશે. પરંતુ કૌશલ્યની દ્રષ્ટિએ, તે બધામાં અમારા માટે 20 વિકેટ લેવાની ક્ષમતા છે. મોર્કેલે કહ્યું કે ભારતનું સ્પિન આક્રમણ તેમને ખૂબ જ આક્રમક વિકલ્પ આપે છે, ખાસ કરીને ગોલની પિચને ધ્યાનમાં લેતા જે મેચ આગળ વધતાં સ્પિનરોને મદદ કરશે તેવી અપેક્ષા છે. અનુભવી મોહમ્મદ સિરાજ ઉપરાંત, ભારતે ઝડપી બોલિંગ આક્રમણમાં ગુરનૂર બ્રાર અથવા પ્રસિદ્ધકૃષ્ણામાંથી કોઈ એકની પસંદગી કરવી પડશે, જેમને ટેસ્ટ ક્રિકેટનો મર્યાદિત અનુભવ છે.

ભારતીય બેટ્સમેનોને જયસૂર્યા-મેન્ડિસનો આકરો સ્પિન પડકાર ભારે પડી શકે

પ્રભાત જયસૂર્યા અને રમેશ મેન્ડિસે ગોલ ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમને પોતાનો ગઢ બનાવ્યો છે

કિંગસ ઓફ ગોલ તરીકે ઓળખાતી આ સ્પિન બેલડીએ આ મેદાન પર કુલ 145 વિકેટ લીધી છે

ગોલ, તા. 13 (પીટીઆઈ) : ક્રિકેટ ક્ષેત્રે એવો સમય આવે છે જ્યારે કેટલાક ક્રિકેટરો કોઈ ચોક્કસ મેદાનને પોતાનું મનપસંદ સ્થળ બનાવે છે અને ત્યાં સતત યાદગાર પ્રદર્શન કરે છે, જેમ કે મહેલા જયવર્ધને અને મુથૈયા મુરલીધરન સિંહાલીઝ સ્પોર્ટ્સ ક્લબમાં હરીફ ટીમને મુશ્કેલીમાં મુકતા રહ્યા હતા, તો ન્યુલેન્ડ્સમાં જેક્સ કાલિસના આંકડા અવિશ્વસનીય રહ્યા છે જ્યારે સ્ટુઅર્ટ બ્રોડ લોર્ડ્સમાં લગભગ અજેય સાબિત થયો છે. આ રીતે જ શ્રીલંકાના બે સ્પિનરો પ્રભાત જયસૂર્યા અને રમેશ મેન્ડિસે ગોલ ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમને પોતાનો ગઢ બનાવ્યો છે જ્યાં તેઓ સતત વિરોધી બેટ્સમેનો પર પ્રભુત્વ ધરાવે છે.

આ મેદાન પર બંનેએ મળીને 145 વિકેટ લીધી છે. ડાબોડી સ્પિનર પ્રભાત જયસૂર્યાએ માત્ર 111 ટેસ્ટમાં 81 વિકેટ લીધી છે, જ્યારે ઓફ સ્પિનર રમેશ મેન્ડિસે 12 ટેસ્ટમાં 64 વિકેટ લીધી છે. શ્રીલંકાના ભૂતપૂર્વ ક્રિકેટર ફરવીઝ મહારૂફે પોતાની સફળતા નું કારણ સમજાવતા કહ્યું કે પ્રભાત બોલિંગ કરવામાં અને પવનનો અસરકારક રીતે ઉપયોગ કરવામાં ખૂબ જ સારો છે. ગોલમાં પવન એક મોટું પરિબળ છે અને તે સ્પિનરોને વધારાનો ફાયદો આપે છે.

ભારતીય બેટ્સમેન માટે આ સારા સમાચાર ન હોઈ શકે કારણ કે તેઓ તાજેતરના સમયમાં ગુણવત્તાયુક્ત સ્પિનરો સામે સંઘર્ષ કરી રહ્યા છે. ન્યૂઝીલેન્ડના ડાબોડી સ્પિનરો એજાઝ પટેલ અને મિચેલ સેન્ટનરે ભારતમાં ભારતીય બેટ્સમેનોને મુશ્કેલીમાં મુક્યા હતા.

મેદાન પર ફ્લૂગના ઉપદ્રવથી સેલ્ટા વિગો-ઓસાસુના મેચ મુલતવી

વિગો, તા. 13 (AP) : બાલાઈડોસ સ્ટેડિયમના મેદાન પર ફ્લૂગનો ઉપદ્રવ ફેલાવાને કારણે સેલ્ટા વિગોએ ગુરુવારે ઓસાસુના સામેની તેની લા લિગાની શરૂઆતી મેચ મુલતવી રાખી છે. રવિવારની આ મેચ મુલતવી રાખવાનો નિર્ણય બંને ક્લબ અને સ્પેનિશ સોકર ફેડરેશનની પરસ્પર સંમતિથી લેવાયો હતો. લા લિગાએ જણાવ્યું હતું કે, સ્ટેડિયમની પિચને અસર કરતી બીમારીને કારણે આ નિર્ણય લેવો પડ્યો હતો. લીગના અધિકારીઓએ બુધવારે મેદાનનું નિરીક્ષણ કર્યું હતું. હવે આ મેચ ૨૭ ઓગસ્ટે રમાશે.

ગફને હરાવી રિબાકીના નેશનલ બેંક ઓપનની ફાઇનલમાં

ટોરોન્ટો, તા. 13 (AP) : કઝાકિસ્તાનની બીજી ક્રમાંકિત એલેના રિબાકીનાએ ગુરુવારે વહેલી સવારે ચોથી ક્રમાંકિત કોકો ગફને 5-7, 6-2, 6-2થી હરાવીને નેશનલ બેંક ઓપનની ફાઇનલમાં જગ્યા બનાવી લીધી છે. ફાઇનલમાં રિબાકીનાનો મુકાબલો ગુરુવારે રાત્રે પોલેન્ડની ઇગા સ્વિટેક સામે થશે. સ્વિટેકે યુક્રેનની એલિના સ્વિટોલિનાને 6-3, 1-6, 6-3થી હરાવી હતી. રિબાકીનાએ વરસાદને કારણે વિલંબિત થયેલા નાઇટ સેશનના અંતે રાત્રે લગભગ એક વાગ્યા પહેલા ગફ સામે જીત મેળવી હતી.

શેલ્ટન અને નાકાશિમા વચ્ચે ઓલ-અમેરિકન ફાઇનલ

મોન્ટ્રિયલ, તા. 13 (AP) : ડિફેન્ડિંગ ચેમ્પિયન બેન શેલ્ટને બુધવારે રાત્રે સહ-અમેરિકન ખેલાડી લર્નર ટિએનને 6-2, 6-3થી હરાવીને નેશનલ બેંક ઓપનની ફાઇનલમાં પ્રવેશ કરી લીધો છે. શેલ્ટન હવે ફાઇનલમાં બ્રાન્ડન નાકાશિમા સામે રમશે, જેથી આ એક 'ઓલ-અમેરિકન' ફાઇનલ બની રહેશે. નાકાશિમાએ પ્રથમ સેમિફાઇનલમાં સ્પેનના 19 વર્ષીય રાફેલ જોડારને 7-6, 6-4થી માત આપીને તેની પ્રથમ 'ATP માસ્ટર્સ 1000' ફાઇનલમાં સ્થાન મેળવ્યું હતું.

આકિબ જાવેદની પુત્રીએ ખ્રિસ્તી વિધિથી લગ્ન કરતાં કટ્ટરપંથી નારાજ

પાકિસ્તાની કોચની પુત્રી ઉકબાને લગ્નમાં પરંપરાગત પોશાકને બદલે પશ્ચિમી ડ્રેસ પહેરતા ટ્રોલિંગનો શિકાર

શરીર પરના ટેટુઓને કારણે પણ કટ્ટરપંથીઓ ભડક્યા, આકિબ જાવેદને પણ ટ્રોલ કરવામાં આવ્યો

કરાચી, તા. 13 : પાકિસ્તાનના માજી ઝડપી બોલર અને રાષ્ટ્રીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ અને ડિરેક્ટર આકિબ જાવેદની પુત્રી ઉકબાના લગ્નના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર આવ્યા પછી વિવાદ ઉભો થયો છે. ફોટામાં, તેના આખા શરીર પર ટેટૂ દેખાય છે. બ્રિટનમાં લગ્ન દરમિયાન પશ્ચિમી શૈલીનો દુલ્હનનો સફેદ ગાઉન તેણે પહેરતા કટ્ટરપંથીઓ નારાજ થયા છે. ઉકબા અને તેના પરિવારને સોશિયલ મીડિયા પર ભારે ટ્રોલ કરવામાં આવી રહ્યા છે.

લગ્ન સમારોહ માટે ઉકબાએ પરંપરાગત પાકિસ્તાની દુલ્હનના ડ્રેસ ન પહેરતા પાકિસ્તાની સોશિયલ મીડિયા યુઝર્સે તેની ટીકા કરી. લગ્નના ફોટા પર કટ્ટરપંથી યુઝર્સે ટિપ્પણી કરીને લખ્યું કે પાકિસ્તાની હોવા છતાં અને મુસ્લિમ પરિવારમાંથી આવતી હોવા છતાં, ઉકબાએ પોતાના ધર્મ અને સંસ્કૃતિ સાથે દગો કર્યો છે. લાલ સાડી કે સલવાર-કમીઝને બદલે ખ્રિસ્તી લગ્નનો ગાઉન પહેરવો સંપૂર્ણપણે બિન-ઇસ્લામિક છે. ટ્રોલર્સે માત્ર પુત્રી જ નહીં પરંતુ પિતા આકિબ જાવેદને પણ નિશાન બનાવીને લખ્યું કે આકિબ જાવેદ પાકિસ્તાન રાષ્ટ્રીય ટીમના ડિરેક્ટર અને કોચ તરીકે મહત્વપૂર્ણ પદો પર હોવા છતાં તે તેની પુત્રીને ધર્મના મૂલ્યો અને શિષ્ટાચાર શીખવવામાં નિષ્ફળ ગયો.

ખેલાડીઓ સાથે ઝઘડા બાદ શ્રીલંકન ક્રિકેટ કોચનું મોત

કોલંબો, તા. 13 : શ્રીલંકાના માજી ક્રિકેટ કેપ્ટન કુસલ મેન્ડિસને તેના શાળાના દિવસોમાં કોચિંગ આપનારા 62 વર્ષીય કોચ સુમિત ફર્નાન્ડોનું કોલંબોમાં ક્રિકેટ મેચ દરમિયાન ખેલાડીઓ સાથેના ઝઘડા બાદ મૃત્યુ થયું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, 8 ઓગસ્ટના રોજ કોલંબોમાં એક ક્રિકેટ મેચ દરમિયાન, બે ખેલાડીઓ વચ્ચે પાણી પીવાના મુદ્દે ઝઘડો થયો હતો. સુમિત ફર્નાન્ડો આ ઝઘડામાં સામેલ થયો હતો અને તેના પર કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો. પોલીસે ગુરુવારે જણાવ્યું હતું કે સોમવારે શાળાના 17 વર્ષીય ખેલાડીની સુમિત ફર્નાન્ડો પર હુમલો કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. આ ઘટના બાદ, તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન મંગળવારે તેમનું મૃત્યુ થયું હતું. ફર્નાન્ડો મોરાટુવામાં પ્રિન્સ ઓફ વેલ્સ કોલેજમાં ભૂતપૂર્વ ક્રિકેટ કોચ હતા, જ્યાં કુસલ મેન્ડિસ સહિત ઘણા પ્રતિભાશાળી સ્કૂલ ક્રિકેટરોએ તેમના માર્ગદર્શન હેઠળ તાલીમ લીધી હતી.

પિતાના નિધન બાદ મેસીનું કમબેક, જો કે ઈન્ટર મિયામી મેચ હાર્યુ

આર્સિલાના બે ગોલની મદદથી લિયોને 3-2 થી હરાવતા ઇન્ટર મિયામી ટૂર્નામેન્ટમાંથી બહાર

મિયામી, તા. 13 (એપી) : ડેનિયલ આર્સિલાના બે ગોલની મદદથી ક્લબ લિયોને ઇન્ટર મિયામીને 3-2 થી હરાવીને લીગ્ઝ કપના નોકઆઉટ સ્ટેજમાં પ્રવેશ કરી લીધો છે. આ મેચમાં ઇન્ટર મિયામીના સ્ટાર ખેલાડી લિયોનલ મેસીએ પોતાના પિતાના નિધન બાદ પુનરાગમન કર્યું હતું.

પિતા જોર્જ મેસીના અવસાન બાદ આ મેસીની પ્રથમ મેચ હતી. મેસીએ બીજા હાફની શરૂઆતમાં મેદાનમાં પ્રવેશ કર્યો ત્યારે મિયામીના સ્ટેડિયમમાં ચાહકોએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. આ પહેલા બુધવારે મેસીએ સોશિયલ મીડિયા પર પિતાને શ્રદ્ધાંજલિ આપતા પોતાની ફૂટબોલ કારકિર્દીના ભવિષ્ય અંગે અનિશ્ચિતતા વ્યક્ત કરી હતી.

મેચ દરમિયાન ડેનિયલ પિન્ટરે 42મી મિનિટે ગોલ કરીને મિયામીને 1-0ની સરસાઈ અપાવી હતી. ત્યારબાદ યાનિક બ્રાઇટે પણ ટીમ માટે એક ગોલ કર્યો હતો. બીજા હાફમાં શાનદાર વાપસી કરતા ડેનિયલ આર્સિલાએ 50મી અને 83મી મિનિટે એમ બે ગોલ કર્યા, જ્યારે જ્વાન પાબ્લો ડોમિંગોએ એક ગોલ નોંધાવ્યો હતો. આ હાર સાથે 2023ની ચેમ્પિયન ઇન્ટર મિયામી ટૂર્નામેન્ટમાંથી બહાર ફેંકાઈ ગઈ છે, જ્યારે લિયોને સતત બે જીત સાથે લીગા એમએક્સ સ્ટેન્ડિંગમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે.

ભારતે બ્રાઝિલ સામેની ફ્રેન્ડલી મેચને પ્રાથમિકતા આપી ASEAN કપમાંથી નામ પાછું ખેંચ્યું

આ પગલાથી ફિફાની માન્યતા પ્રાપ્ત સ્પર્ધામાં દક્ષિણ-પૂર્વ એશિયાની કેટલીક અગ્રણી ટીમો સામે રમવાની તક ભારત ગુમાવશે

નવી દિલ્હી, તા. 13 (પીટીઆઈ) : ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (AIFF)ના ડેપ્યુટી જનરલ સેક્રેટરી એમ સત્યનારાયણે ગુરુવારે જણાવ્યું હતું કે ઓક્ટોબરમાં પાંચ વખતના વિશ્વ ચેમ્પિયન બ્રાઝિલ સામે એક હાઈ-પ્રોફાઈલ ઈન્ટરનેશનલ ફ્રેન્ડલી મેચને પ્રાથમિકતા આપતા ભારતે પ્રથમ FIFA ASEAN કપમાંથી ખસી ગયું છે. આગામી ટુર્નામેન્ટમાંથી ભારતની ખસી જવાનો અર્થ એ પણ છે કે તે આ ફિફાની માન્યતા પ્રાપ્ત સ્પર્ધામાં દક્ષિણ-પૂર્વ એશિયાની કેટલીક અગ્રણી ટીમો સામે રમવાની તક ગુમાવશે. સત્યનારાયણને પીટીઆઈને જણાવ્યું હતું કે, અમે ફિફા આસિયાન કપમાંથી ખસી ગયા છીએ કારણ કે અમે બ્રાઝિલ અને ફિફા આસિયાન કપ બંનેમાં રમી શકતા નથી.

પ્રથમ વખત યોજાઈ રહેલી આ ટુર્નામેન્ટની કલ્પના ASEAN ક્ષેત્રની ટીમો માટે એક નવી આંતરરાષ્ટ્રીય સ્પર્ધા તરીકે કરવામાં આવી હતી જેમાં ભારતને બિન-ASEAN સહભાગીઓમાંના એક તરીકે આમંત્રણ આપવામાં આવ્યું હતું. ભારતે શરૂઆતમાં આ નવી ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે ફિફાના આમંત્રણનો સ્વીકાર કર્યો હતો અને ત્યારબાદ તેને ઈન્ડોનેશિયા, મલેશિયા અને સિંગાપોર સાથે ડિવિઝન I ના ગ્રુપ A માં સ્થાન આપવામાં આવ્યું હતું.

કેટી લેડેકીએ ઘરઆંગણે 1500 મીટર ફ્રીસ્ટાઈલમાં પહેલો ગોલ્ડ જીત્યો

ઈર્વિન (કેલિફોર્નિયા), તા. 13 : પેન પેસિફિક સ્વિમિંગ ચેમ્પિયનશિપના પ્રારંભે કેટી લેડેકીએ 1500 મીટર ફ્રીસ્ટાઈલ સ્પર્ધા જીતીને પોતાના દેશની ધરતી પર કરિયરનો પ્રથમ ઈન્ટરનેશનલ ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો. લેડેકીએ આ રેસ 15 મિનિટ 36.09 સેકન્ડમાં પૂરી કરી હતી, જ્યારે ઓસ્ટ્રેલિયાની લાની પૅલિસ્ટરે સિલ્વર અને મોએશા જોન્સને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. અમેરિકા માટે આ સાંજ વધુ એક મોટી સિદ્ધિ લઈને આવી હતી. અમેરિકાની વિલ મોડગ્લિન, વેન મેથિયાસ, ગ્રેચેન વોલ્શ અને કેટ ડગ્લાસની 4x100 મિક્સ મેડલે રિલે ટીમે 3:36.70ના સમય સાથે નવો વિશ્વ રેકોર્ડ સર્જ્યો હતો. તેમણે પેરિસ ઓલિમ્પિક્સ 2024માં રચાયેલો 3:37:43ના જૂના રેકોર્ડને તોડ્યો હતો. પ્રથમ દિવસના અન્ય મુખ્ય હાઈલાઈટ્સમાં 50 મીટર બટરફ્લાય (મહિલા)માં ગ્રેચેન વોલ્શે 24.65 સેકન્ડ સાથે ગોલ્ડ અને કેટ ડગ્લાસે સિલ્વર મેળવીને અમેરિકાને 1-2થી આગળ રાખ્યું. 200 મીટર બટરફ્લાય (પુરુષ)માં લુકા ઉર્લાન્ડોએ 1:53:11ના સમય સાથે માઈકલ ફેલ્પ્સનો 2006નો ચેમ્પિયનશિપ રેકોર્ડ તોડીને ગોલ્ડ જીત્યો હતો. 100 મીટર બેકસ્ટ્રોક (મહિલા)માં કેથરિન બર્કોફેએ 57.93 સેકન્ડ સાથે ગોલ્ડ અને રેગન સ્મિથે સિલ્વર મેળવ્યો.

અનુસંધાન ... પાના પહેલાનું

મહારાષ્ટ્રમાં ટેક્સી-...

વિરોધ પક્ષ શિવસેના(UBT)ના પ્રવક્તા સંજય રાઉતે ડ્રાઈવરો માટે સ્થાનિક ભાષા શીખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો, જ્યારે કોંગ્રેસના નેતા વિજય વડેટ્ટીવારે જણાવ્યું હતું કે સ્થાનિક ભાષા શીખવી મહત્વપૂર્ણ છે, પરંતુ કોઈને તેમ કરવા માટે મજબૂર કરવું ખોટું છે. રાજ્યના પરિવહન મંત્રી પ્રતાપ સરનાઈકે અગાઉ જણાવ્યું હતું કે આ માટેની ૧૫મી ઓગસ્ટની ડેડલાઈન લંબાવવામાં આવશે નહીં.

બાંગ્લાદેશમાં વીજ...

સ્થાનિક રહીશોએ કેટલાક વિસ્તારોમાં વીજળી મથકો પર હુમલા કર્યા છે. આ સ્થિતિને કારણે 'બાંગ્લાદેશ પલ્લી બિદ્યુત એસોસિએશને' ગ્રીડ, સબસ્ટેશન અને વીજળી કચેરીઓ માટે પોલીસ સુરક્ષાની માંગ કરવી પડી છે. વર્તમાન પરિસ્થિતિ મુખ્યત્વે બળતણ, ખાસ કરીને કુદરતી ગેસની અછતને કારણે ઊભી થઈ છે. બાંગ્લાદેશ તેની જરૂરિયાતનું ૯૦%થી વધુ તેલ અને ૩૦% ગેસ આયાત કરે છે.

અકાલી નેતા...

કેટેગરીની સુરક્ષા અપાઈ છે. બપોરે 1:45 વાગ્યે ગુરુદ્વારા માતા સાહિબ દેવાનજી મુગટની અંદર પગથિયાં ઊતરી રહ્યા હતા ત્યારે બાદલ પર આ હુમલો કરવામાં આવ્યો હતો.આ પહેલાં બાદલે અકાલી દળના સાંસદ અને તેમનાં પત્ની હરસિમરત કૌર બાદલ સાથે નાંદેડમાં તખ્ત શ્રી હજૂર સાહિબનાં દર્શન કર્યાં હતાં. બાદલ કુટુંબ હાલ મહારાષ્ટ્રની મુલાકાતે આવ્યું છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે બાદલ પર થયેલા હુમલાની તપાસના આદેશ આપ્યા છે. ફડણવીસે બાદલને ફોન કરીને તેમના સ્વાસ્થ્ય વિશે પણ માહિતી મેળવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, ફડણવીસે નાંદેડના પોલીસ અધિક્ષક પાસેથી ઘટનાની માહિતી માંગી હતી અને હુમલા પાછળના હેતુની તપાસ કરવા પોલીસને નિર્દેશ આપ્યા હતા. ભાજપના વરિષ્ઠ નેતા આર. પી. સિંહે બાદલ પર થયેલા હુમલાની સખત શબ્દોમાં નિંદા કરી હતી અને કહ્યું હતું કે હિંસાનું આવું કૃત્ય સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે. વડાપ્રધાન મોદીએ બાદલના પત્ની હરસિમ્રતકૌર બાદલને ફોન કરીને આ ઘટનાની માહિતી મેળવી હતી.

દિલ્હી ડાયરી...

તેમના સાંસદો હજી પણ ગૃહમાં હાજર હતા. જોકે, તેમણે તરત જ પોતાની જાતને સુધારીને કહ્યું, "અરવિંદ કેજરીવાલ અમારી સાથે નથી, પરંતુ તેમની પાર્ટીના સાંસદ સંજય સિંહજી અમારી સાથે આવી શકે છે." આનાથી ગૃહમાં હાસ્યનું મોજું ફરી વળ્યું હતું.

જસ્ટિસ યશવંત વર્મા સામે સંસદીય કાર્યવાહી

જોકે, જસ્ટિસ યશવંત વર્માએ આ વર્ષે એપ્રિલમાં અલ્હાબાદ હાઈકોર્ટના જજ પદેથી રાજીનામું આપી દીધું હતું જ્યારે તેમને હટાવવા માટેના સંસદીય પ્રસ્તાવનો તેઓ સામનો કરી રહ્યા હતા, પરંતુ સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે, તેમના રાજીનામાથી તેમની સામે શરૂ કરાયેલી ગૃહની કાર્યવાહી પર કોઈ અસર પડશે નહીં. કારણ કે, તેમણે ન્યાયતંત્ર છોડ્યું તે પહેલાં જ આ પ્રસ્તાવને મંજૂરી મળી ચૂકી હતી. દિલ્હીમાં તેમના સરકારી નિવાસસ્થાને મોટી માત્રામાં નાણાં અને ચલણી નોટો સળગેલી હાલતમાં મળી આવવાના આરોપોની તપાસ માટે લોકસભા સ્પીકર ઓમ બિરલા દ્વારા ગઠિત ત્રણ સભ્યોની સમિતિએ તેમની સામેના ત્રણેય 'આરોપો' સાચા સાબિત થયા હોવાનું શોધ્યા બાદ આ બાબત મહત્ત્વપૂર્ણ બની છે. તાજેતરમાં ગૃહમાં રજૂ કરવામાં આવેલા રિપોર્ટમાં મળી આવેલી રોકડ રકમનો ચોક્કસ આંકડો નક્કી કરવામાં આવ્યો નથી. તેના તારણો તેમના અસરકારક નિયંત્રણ હેઠળના પરિસરમાં નોંધપાત્ર રોકડની સ્થાપિત હાજરી, પુરાવા સાચવવામાં નિષ્ફળતા અને તેમના દ્વારા આપવામાં આવેલી સ્પષ્ટતાઓ અપર્યાપ્ત હતી. આ તારણો એ પ્રશ્નને ફરીથી કેન્દ્રમાં લાવે છે કે જે જજે પોતાને હટાવવાની પ્રક્રિયા પૂર્ણ થાય તે પહેલાં જ રાજીનામું આપી દીધું હોય તો તેમની સામેની કાર્યવાહી અંગે સંસદ હવે શું કરી શકે છે. જસ્ટિસ વર્માએ 9 એપ્રિલ, 2026ના રોજ પોતાનું રાજીનામું આપ્યું હતું અને વૈધાનિક તપાસમાંથી પીછેહઠ કરી હતી.

જ્હોન બ્રિટાસના સમર્થનમાં મલ્લિકાર્જુન ખડગેનો મુંડુ અવતાર

સીપીએમ સાંસદ જ્હોન બ્રિટાસના પહેરવેશ પર ભાજપના સાંસદ સુસ્મિતા દેવની ટિપ્પણી અંગે ચાલી રહેલા હોબાળા વચ્ચે રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે ગઈ કાલે મલયાલી 'મુંડુ' (ધોતી) પહેરીને સંસદમાં આવ્યા હતા. આ બ્રિટાસ પ્રત્યે એકજૂથતા દર્શાવવા માટે હતું. બાદમાં ખડગેએ સાંસદો હરિસ બીરાન,